# પિડીતાના મોતથી દેશ જાગી ગયો

## સિંગાપુરમાં વહેલી પરોઢે મોતથી દેશ માટે શરમજનક ઘટના

સિંગાપુર, તા.૨૯

સિંગાપુરની સુપર સ્પેશિયાલિટી માઉંટ એલિઝાબેથ હોસ્પિટલમાં દાખલ દિલ્હી ગેંગરેપની શિકાર ૨૩ વર્ષીય યુવતી આજે વહેલી પરોઢે જિંદગીના જંગમાં હારી ગઈ હતી. આજે વહેલી પરોઢે તેનું મોત થતાં દેશભર માટે શરમજનક ઘટના બની હતી. તબીબોએ શુક્રવારે મોડી રાત્રે એવી આશંકા વ્યક્ત કરી હતી કે યુવતીના અનેક શરીરના અંગ કામ કરવાનું બંધ કરી શકે છે. ભારતીય સમય મુજબ આજે વહેલી પરોઢે ૨.૧૫ વાગે બળાત્કારનો શિકાર થયેલી આ યુવતીએ અંતિમ શ્વાસ લીધા હતા. સિંગાપુરમાં ભારતીય હાઈકમીશનર ટીસીએ રાઘવને કહ્યું હતું કે મૃતદેહ મોકલવાની તૈયારીઓ થઈ ચૂકી છે. બપોર બાદ મૃતદેહને ભારત મોકલવામાં આવશે. પરિવારના સૂત્રોએ કહ્યું છે કે યુવતીના મૃતદેહને ભારતીય સમય મુજબ બપોરે સિંગાપુરથી ખાસ વિમાન મારફતે લઈને ભારત પહોંચીશું. સાંજ સુધી દિલ્હી પહોંચવાની સંભાવના દેખાઈ રહી છે. અંતિમ સંસ્કાર આવતીકાલે કરવામાં આવશે. નવી દિલ્હીમાં ૧૬મી ડિસેમ્બરની રાત્રે ચાલતી બસમાં ગેંગરેપ બાદ યુવતીને ખૂબ જ નિર્દય રીતે માર મારવામાં આવી



હતી. દિલ્હીના સફદરજંગ હોસ્પિટલમાંથી યુવતીને ૨૬મી ડિસેમ્બરની રાત્રે એર એમ્યુલન્સ મારફતે સિંગાપુરના માઉન્ટ એલિઝાબેથ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. સફદરજંગ હોસ્પિટલમાં યુવતી ઉપર ત્રણ ઓપરેશન કરવામાં આવ્યા હતા. અહીં સારવાર દરમિયાન મોટાભાગે આ યુવતીને વેન્ટીલેટર ઉપર રાખવામાં આવી હતી. ૧૩ દિવસ સુધી મોત સામે જંગ ખેલ્યા બાદ આખરે તે આ લડાઈ હારી ગઈ હતી. તબીબોએ ઈન્ફેક્શનના કારણે દર્દીના આંતરડાને ઓપરેશન કરીને બહાર કાઢી લીધા હતા. આ અગાઉ સિંગાપુરના માઉન્ટ એલિઝાબેથ હોસ્પિટલે શુક્રવારે મોડી રાત્રે મેડીકલ બુલેટીંગ જારી કરીને કહ્યું હતું કે યુવતીના માથામાં ગંભીર પ્રકારની ઈજા છે. ફેંફસા અને પેટમાં ઈન્ફેક્શન છે. આ તમામ પ્રતિકૂળ સ્થિતિ સાથે આ યુવતી લડી રહી હતી. માઉન્ટ એલિઝાબેથ હોસ્પિટલના સીઈઓ ડૉ. કેલ્વીન લોહે કહ્યું હતું કે ગુરુવારે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા બાદથી તબીબોની ટીમે તપાસમાં જાણ્યું કે હાર્ટ એટેક ઉપરાંત તેના ફેંફસા અને પેટમાં ઈન્ફેક્શનની અસર થઈ ગઈ હતી. સાથે સાથે માથામાં ગંભીર ઈજા પણ થઈ ગઈ હતી. મોડી રાત્રે સિંગાપુરની માઉન્ટ એલિઝાબેથ હોસ્પિટલમાંથી આ દુખદ સમાચાર આવ્યા બાદ લોકોના માથા શરમથી ઝુંકી ગયા હતા. હોસ્પિટલ તરફથી એમ પણ જણાવવામાં આવ્યું હતું કે આ યુવતીએ ખૂબ જ સાહસનો પરિચય આપ્યો હતો પરંતુ તેના શરીરના જરૂરી અંગ એક સાથે કામ કરવાનું બંધ કરી ચૂક્યા હતા. વહેલી પરોઢે આ યુવતીનું મોત થયું હતું. હોસ્પિટલ તરફથી જારી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લી ઘડીમાં પરિવારના સભ્યો અને ભારતીય હાઈકમીશનના સભ્યો આ યુવતીની સાથે હતા.

## ગેંગરેપ ઘટના : કોણે શું કહ્યું

નવી દિલ્હી, તા. ૨૯

દિલ્હી ગેંગ રેપનો શિકાર થયેલી યુવતીના મોત બાદ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, વડાપ્રધાન મનમોહનસિંહ, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, વિરોધપક્ષના નેતાઓ તથા સમાજના અન્ય તમામ જાણીતા લોકોએ આ બનાવ અંગે દુઃખ વ્યક્ત કર્યુ હતુ. આ બનાવ અંગે કોણે શું કહ્યું તે નીચે મુજબ છે.



### રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી

પ્રણવ મુખર્જીએ સામુહિક બળાત્કારનો શિકાર થયેલી યુવતીના મોત અંગે દુઃખ વ્યક્ત કર્યુ હતુ. તેમનું કહેવું છે કે તેના મોતથી બોધપાઠ લઈને આગળ વધવું જોઈએ. આ બનાવ એળે જવો જોઈએ નહીં. આ પ્રકારની ઘટનાઓ બીજી વખત ન બને તેવા પ્રયાસો પણ થવા જોઈએ. આના માટે બનતા તમામ પ્રયાસો કરવા જોઈએ.

### કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી



કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પણ બનાવ અંગે દુઃખ વ્યક્ત કર્યુ છે અને કહ્યુ છે કે આ બનાવ એળે જશે નહીં. ગાંધીનું કહેવું છે કે લોકોના અવાજને સાંભળવામાં આવ્યો છે. દોષિતોને સજા કરાશે.

### ગૃહમંત્રી સુશીલકુમાર શિંદે



બળાત્કારની શિકાર થયેલી યુવતીને મોત અંગે દુઃખ વ્યક્ત કરીને કેન્દ્રિય ગૃહમંત્રી શિદેએ કહ્યુ હતુ કે કાયદાને વધુ કઠોર બનાવવામાં આવશે. આ પ્રકારના બનાવો ફરી ન બને તેવી ખાતરી કરવામાં આવી રહી છે.

### નરેન્દ્ર મોદી



ગુજરાતના મુખ્યમંત્રી મોદીએ કહ્યુ છે કે દેશની એક સાહસી પુત્રી જતી રહી છે.




### બસપ નેતા માયાવતી

બસપ નેતા માયાવતીએ કહ્યુ છે કે મહિલાઓની સુરક્ષા માટે વધુ કઠોર પગલા લેવા જોઈએ. કાયદાઓમાં સુધારા કરવા જોઈએ. માત્ર વળતરથી કામ ચાલશે નહીં. દોષિતોને જાહેરમાં સજા થવી જોઈએ.

### શિલા દિક્ષીત



દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યુ છે કે પીડિતાના પરિવાર સાથે અમારી સંવેદના છે. યુવતી ખૂબ જ સાહસી હતી. દુઃખના આ સમયે શાંતિ જાળવી રાખવાની જરૂર છે. આ પ્રકારની ઘટનાઓ અમારા માટે શરમની બાબત છે.



### અમિતાભ બચ્ચન

અમિતાભ બચ્ચને કહ્યુ છે કે યુવતીના મોતથી અમને તમામને આઘાત લાગ્યો છે.


### જાવેદ અખ્તર

ગીતકાર જાવેદ અખ્તરનું કહેવું છે કે સરકાર અને પોલીસ ઉપર દોષારોપણ કરીને મામલાને મર્યાદિત કરવો જોઈએ નહીં. દરેક વ્યક્તિને પોતાની જવાબદારી સમજવી જોઈએ. આ સમગ્ર ઘટના તમામને વિચારવાની ફરજ પડે છે. મોટી મોટી વાત કરવાથી ચાલશે નહીં.

### અરૂણ જેટલી

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ફરી ધ્યાન આપવાની જરૂર છે.

### સિંગાપોર હોસ્પિટલ




સિંગાપોરના માઉન્ટ એલિઝાબેથ હોસ્પિટલે નિવેદન જારી કરીને કહ્યુ છે કે યુવતીને બચાવી લેવાના તમામ પ્રયાસો કરાયા હતા પરંતુ અમને સફળતા મળી નથી આનું ખુબ દુઃખ છે. આ હોસ્પિટલમાં જ યુવતીનું આજે સવારે મોત થયુ હતુ.

## આરોપીઓ પર હત્યાનો કેસ પણ ચલાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૯

બળાત્કારનો શિકાર થયેલી યુવતીના મોત બાદ હવે આ સમગ્ર પ્રકરણે નવો વળાંક લઈ લીધો છે. દેશભરમાં ભારે આક્રોશ જગાવનાર આ ઘટના બાદ હવે આરોપીઓ પર હત્યાનો કેસ પણ ચલાવવામાં આવશે. પહેલા આ છ આરોપીઓ ઉપર રેપ અને હત્યાનો પ્રયાસનો મામલો નોંધવામાં આવ્યો હતો પરંતુ હવે યુવતીના મોત બાદ આ આરોપીઓ ઉપર હત્યાનો પણ મામલો ચાલશે. મોત બાદ આ કેસની સંભાવના રેયર ઓફ રેયરેસ્ટ હોવાની સંભાવના વધી ગઈ છે. ભોગ બનેલી યુવતી સાથે પહેલા ગેંગરેપ થયો હતો ત્યારબાદ તેને માર મારવામાં આવ્યો હતો અને અંતે તેને ફેંકી દેવામાં આવી હતી જેથી આ અસામાન્ય કેસ બની ગયો છે. બળાત્કારના આરોપીઓ પર હવે સૌથી કઠોર સજા હેઠળ કેસ ચાલશે. પોલીસે શરૂમાં કલમ ૩૦૭ હેઠળ હત્યાના પ્રયાસ, કલમ ૩૬૫ હેઠળ પુરાવા નષ્ટ કરવા, કલમ ૩૭૬/૨ ગેંગરેપ, કલમ ૩૭૭ અમાનવીય ક્રાઈમ, કલમ ૩૯૪ હેઠળ મારામારી હેઠળ કેસ દાખલ કરાયો હતો. પોલીસ આગામી સપ્તાહમાં ચાર્જશીટ દાખલ કરશે. ધરપકડ કરાયેલા છ લોકોમાં બસ ડ્રાઈવર રામસિંહ તેનો ભાઈ મુકેશ , અક્ષય ઠાકુર, પવન અને વિનય છે. આ આરોપીઓમાં એક નાની વયનો છે. જો એવું થશે તો ગુનો સાબિત થવાની સ્થિતિમાં આરોપીઓને ફાંસીની સજા પણ મળી શકે છે. બીજી બાજુ યુવતીના મોત બાદ સમગ્ર પાટનગર દિલ્હીમાં વિસ્ફોટક સ્થિતિ ઊભી થઈ ગઈ છે.

ભારે તંગદિલીને ધ્યાનમાં લઈને દિલ્હીમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. પોલીસે નારાજગીના અભૂતપૂર્વ મોજા અને વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં લઈને સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવી દીધી છે. વધારાની પોલીસ ટુકડીઓ તૈનાત કરી દેવામાં આવી છે. બીજી બાજુ વડાપ્રધાન મનમોહનસિંહ, અન્ય રાજકીય નેતાઓ, ટોચની હસ્તીઓએ આ બનાવ અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. યોગગુરુ બાબા રામદેવ, કેન્દ્રીય પ્રધાન કૃષ્ણા તિરથ અને બોલિવૂડ કલાકાર અમિતાભ બચ્ચને પણ બનાવ અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.

## ગેંગ રેપનો શિકાર યુવતી દિલ્હીમાં જ મૃત્યુ પામી

નવી દિલ્હી, તા.૨૯

ગેંગ રેપનો શિકાર થયેલી યુવતીના મોત બાદ રાજકીય ગરમી પણ વધી ગઈ છે. ભાજપે યુપીએ ઉપર આક્ષેપોનો મારો શરૂ કરી દીધો



છે. ભાજપના વરિષ્ઠ નેતા અને સાંસદ મેનકા ગાંધીએ ગેંગ રેપનો શિકાર થયેલી યુવતીના મોત મામલે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. મેનકાનું કહેવું છે કે તેવી એવી શંકા છે કે યુવતીનું મોત દિલ્હીમાં જ થઈ ગયુ હતુ.

આ યુવતીને બિનજરૂરી રીતે વિમાનમાં બેસાડીને સિંગાપોર લઈ જવામાં આવી હતી. મેનકાનું કહેવું છે કે યુવતી જે સ્થિતિમાંથી પસાર થઈ રહી હતી તેવી સ્થિતિમાં વધુ સારી સારવાર માટે વિદેશ મોકલવાની બાબત કોઈ પણ રીતે યોગ્ય ન હતી. દિલ્હી અને કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢતા મેનકાએ કહ્યુ છે કે સરકારે જે પ્રકારની કટિબદ્ધતા દર્શાવવાની જરૂર હતી તે પ્રકારની કટિબદ્ધતા દર્શાવી ન હતી.

સરકાર કેટલાક મજબુત પગલા લઈને લોકોમાં વિશ્વાસ જગાવી શકી હોત. મેનકા ગાંધીનું કહેવું છે કે સમગ્ર મામલાને જે રીતે હાથ ધરવામાં આવ્યો છે તેનાથી ઘણા પ્રશ્નો ઉભા થાય છે. કેટલાક તબીબોએ પણ યુવતીને સિંગાપોર મોકલવા સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. તબીબોનું કહેવું છે કે આંતરડાનું ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે તેવી સ્થિતિ ન હતી ત્યારે સિંગાપોર મોકલવાનો કોઈ મતલબ ન હતો. તબીબોએ આને તબીબીના બદલે રાજકીય નિર્ણય ગણાવ્યો હતો.

## ગેંગરેપ કેસ યુવતીના મોત બાદ દેશભરમાં વિરોધ પ્રદર્શનનો દોર

### દેશના તમામ લોકો સવારે ઉઠ્યા ત્યારે આઘાતજનક સમાચાર સાંભળવા મળ્યા : પોલીસનું માથુ શરમથી ઝુકી ગયુ

નવી દિલ્હી, તા.૨૯

સિંગાપોરમાં ગેંગરેપનો શિકાર થયેલી યુવતીના મોત બાદ





દેશભરમાં દુઃખ અને આઘાતનું મોજુ ફરી વળ્યુ હતુ. દેશમાં આ શરમજનક ઘટનાને લઈને લોકોએ જુદી જુદી પ્રતિક્રિયાઓ આપીને દોષિતો સામે કઠોર પગલા લેવા અને કાયદાકીય વ્યવસ્થામાં ફેરફાર કરવા જેવી માંગણી ઉઠાવી હતી. મહિલાઓની સુરક્ષા વ્યવસ્થા તરફ નક્કરપણે ધ્યાન આપવા લોકોએ માંગ ઉઠાવી હતી. ગેંગ રેપનો શિકાર થયેલી યુવતીના મોત બાદ અન્ય યુવતી આ પ્રકારના બનાવોના શિકાર ન બને ધ્યાન આપવા યુપીએ સરકાર અને અન્ય રાજ્ય સરકારો પર તીવ્ર દબાણ વધી ગયુ છે. દેશભરમાં આ બનાવને લઈને આજે તંગદિલી ફેલાઈ ગઈ હતી. પોલીસે તમામ મોટા શહેરોમાં સાવચેતીના પગલા લીધા હતા. દિલ્હીમાં એલર્ટની પણ જાહેરાત કરવામાં આવી હતી. આજે લોકો સવારે ઉઠ્યા ત્યારે આઘાતજનક સમાચાર સાંભળીને ચોંકી ઉઠ્યા હતા. ગઈકાલે મોડી રાત્રે જ તબીબોએ પરોક્ષરીતે હિંમત હારી ગયા હોવાનો સંકેત આપી દીધો હતો અને નિવેદન જારી કરીને કહ્યુ હતુ કે યુવતીના મોટાભાગના અંગ કામ કરવાનું બંધ કરી ચુક્યા છે. આ નિવેદન આવ્યા બાદ પ્રાર્થના ઉપર જ તમામ બાબત આધારિત થઈ ગઈ હતી. સવારે લોકો ઉઠ્યા ત્યારે યુવતીના મોતના સમાચારથી દેશભરના લોકો હચમચી ઉઠ્યા હતા અને પોલીસ તંત્રનું માથુ પણ શરમથી ઝુકી ગયુ હતુ. પોલીસની ઉદાસીન વ્યવસ્થાના કારણે એક યુવતીને પ્રાણોની આહુતિ આપવાની ફરજ પડી છે. આ બનાવ માત્ર પોલીસ તંત્ર માટે જ નહીં બલકે અન્ય તમામ લોકો માટે પણ શરમજનક રહી હતી. દેશના જુદા જુદા ભાગોમાં શ્રદ્ધાંજલિની સાથે સાથે બનાવને લઈને નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી અને પોલીસની ઝાટકણી કાઢવામાં આવી હતી. દોષિતોને કઠોર સજા કરવાની માંગ થઈ હતી. તમામ મોટા શહેરોમાં શાંતિપૂર્ણ દેખાવો થયા હતા. જંતરમંતર પર સવાર પડતાની સાથે જ લોકો એકત્રિત થવા લાગી ગયા હતા. તમામ પ્રદર્શનકારી શાંતિથી બેસી ગયા હતા. દેખાવકારોએ દિલ્હીમાં ઈન્ડિયાગેટ અને રાયસીમા હિલ્સ પર મજબુત સુરક્ષા સામે પ્રદર્શન કર્યા હતા. બપોરે સવા બે વાગ્યાની આસપાસ મુખ્યમંત્રી શિલાદિક્ષીત પણ જંતરમંતર પર પહોંચ્યા હતા. લોકોએ શિલા દિક્ષીતને જોતા જ તેમની તરફ આગળ વધ્યા હતા જેથી શિલા દિક્ષીતને પરત ફરી જવાની ફરજ પડી હતી. દેખાવકારોએ આક્ષેપ કર્યો હતો કે શિલા રાજકીય લાભ લેવા માટે જંતરમંતર પહોંચ્યા હતા. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ રેલી કાઢી હતી. સેંકડો વિદ્યાર્થીઓ એ જગ્યા પર પહોંચ્યા હતા જ્યાં બળાત્કારનો શિકાર થયેલી યુવતી બસમાં બેસી હતી. ૩૧મી ડિસેમ્બરે ફરી એકત્રિત થવા એપીલ કરવામાં આવી છે. અરવિંદ કેજરીવાલ અને તેમના અન્ય સાથીઓ પણ જંતરમંતર પર પ્રદર્શનના ભાગરૂપે બેઠા હતા.

## સમાચાર ઝલક

- નળસરોવરમાં વિદેશી પક્ષીઓનું આગમન, પ્રવાસીઓની ભીડ.
- અમદાવાદ, દિલ્હી, જયપુર તથા અનેક સ્થળોએ શાંતિપૂર્ણ ગેંગરેપ વિરોધી દેખાવો.
- સૂરતમાં આઇ.ટી.ના દરોડામાં ૧૦૦ કરોડ કરચોરી પકડાઇ.
- વિરમગામમાંથી ચેન તોડનારા ઝડપાયા.
- ગુજરાતમાં મહિલા સુરક્ષા અંગે ગૃહસચિવશ્રીએ પોલીસખાતાને માર્ગદર્શન લાઇન આપી.
- જૂનાગઢના મેયર પાણીના મુદ્દે ઉપવાસ પર ઉતર્યા.
- ઇંગ્લેન્ડના ક્રિકેટર ટોની ગ્રેગનું ૬૬ વર્ષની વયે નિધન.
- ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર માઇકલ હસ્સીએ નિવૃત્તિ જાહેર કરી.
- પોલીસ ખાતામાં મહિલાઓના રક્ષણ માટે વધુ મહિલાઓને પસંદ કરાશે : ગૃહમંત્રી.
- પાકિસ્તાનમાં ભેળસેળ વાળી કફ સિરફ પીવાથી ૮ વ્યક્તિઓનાં મોત.
- કેન્દ્રિય વિદ્યાલયોની ફીમાં જ ત્રણ ગણો વધારો થશે.
- ગુજરાતને નાગરિકોની સુરક્ષા માટે સર્વશ્રેષ્ઠ રાજયોનો એવોર્ડ.
- ઠંડીના કારણે દરિયામાં અદશ્ય થતી માછલીઓ.
- બી.એસ.એન.એલનો ધમાકો, ગ્રાહકો હવે અર્ધા પૈસામાં એસ.એમ.એસ. કરી શકશે.
- મોલ-દુકાનોમાં પ્લાસ્ટિક બેગ માટે વસૂલાતા ચાર્જ સામે હાઇકોર્ટમાં દાદ.
- ચૂંટણીમાં હેટ્રિક સર્જવા બદલ રાજકોટના વેપારી દ્વારા 30 કરોડની હીરાજડિત કાર ભેટ આપવામાં આવશે.
- ગાંધીનગરમાં ૨૯ માળના બે ટાવર સાથેની ગિફ્ટસીટીની લોકાર્પણની તૈયારી.

## બળાત્કારના કેસમાં ખૂબ જ કઠોર સજા માટે કાયદામાં સુધાર જરૂરી

કોલકત્તા, તા.૨૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે કહ્યું હતું કે, દિલ્હી ગેંગરેપ કેસના બળાત્કારીઓને કડકમાં કડક સજા કરવા હેતુ ક્રીમીનલ કાયદાઓમાં સંશોધન કરી સુધારો કરવા જરૂરી છે. ૧૫ દિવસ અગાઉ રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં સામુહિક બળાત્કારનો ભોગ બનેલી પીડિતાના મોત પછી મમતા બેનર્જીએ કહ્યું હતું કે, મહિલા સામે અત્યાચાર અને વધતા જતા ગુનાઓનું પ્રમાણ ગંભીર ચિંતાનો વિષય છે. મારું માનવું છે કે, ક્રીમીનલ કાયદા જૂના અને નબળા છે. બંધારણ અને કાયદાઓમાં સંશોધન કરીને સુધારા કરવાએ કેન્દ્રનો વિષય છે. માટે આ મુદ્દે કેન્દ્ર સરકારને અમે પૂરતો સાથ સહયોગ આપીશું. બે મહિના અગાઉ જ કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યૂપીએ કેન્દ્ર સરકારને ટેકો પરત ખેંચી લેનાર તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ કહ્યું હતું કે, ગુનેગાર બળાત્કારીઓને વિવિધ કાયદાની જોગવાઈ હેઠળ સજા નિશ્ચિત થાય તે બાબત કેન્દ્ર સરકારે ચોક્કસ બનાવી દેવી જોઈએ. ક્રીમીનલ કાયદાઓમાં સંશોધન કરવાની જરૂરીયાત સાથે બળાત્કારના ગુનાઓમાં વધુને વધુ કડક સજાની જોગવાઈની પણ આવશ્યક્તા છે. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને વધારે નિશાનો બનાવીને ગુનો આચરવામાં આવતો હોય છે. આવા સ્થળોએ તો બળાત્કારના કેસો બનતા જ હતા. હવે શહેરી વિસ્તારોમાં પણ બળાત્કારના કેસોની સંખ્યા સતત વધી રહી છે. મારું માનવું છે કે, સમાજના



સમુદાયોએ હવે વધારે જવાબદાર બનવાની જરૂર છે. જાગૃતિનું સ્તર પણ હવે વધારવું જોઈએ જેથી આવા કેસો વધારે ન બને. જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રીઓએ પણ કઠોર સજાનો મુદ્દો ઉઠાવ્યો છે અને કહ્યુ છે કે આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તે ખુબજ જરૂરી છે. દેશના લોકોને વિશ્વાસમાં લેવાની જરૂર છે.